# સરહદના ભેદ મિટાવતી સૈન્ય અધિકારીઓની મૈત્રી

આજે ફ્રેન્ડશિપ ડે. મૈત્રી દિવસ. આજના વર્ચ્યુઅલ વર્લ્ડના વર્ચસ્વવાળા સમયમાં મેસેજિસનો મારો ચાલે અને એટલે જ આ એક જ દિવસમાં મેસેજિસની ભરમાર થઈ જાય એવો દિવસ પરંતુ આ વર્ચ્યુઅલ વર્લ્ડમાંથી બહાર આવીને વાસ્તવિક દુનિયામાં ડોકિયું કરીએ તો ખરેખર મૈત્રી એ સમજવા જેવો સંબંધ છે. એક વાક્યમાં એમ કહી શકાય કે વાસ્તવિક જગતમાં મૈત્રી માત્ર એક સંબંધ નહીં પણ એક શાશ્વત ખ્યાલ પણ છે. શાશ્વત ખ્યાલ એટલા માટે કે આ જગતમાં બંધાતા કોઈ પણ સંબંધનું મૂળ મૈત્રી છે. એટલે જ ઈશ્વરની ભક્તિ પણ સખારૂપે થઈ શકે છે અને એ જ રીતે જીવનની સફરના એક ચોક્કસ પડાવ પર, માતાપિતા સાથેનો સંતાનનો સંબંધ તેમજ ગુરૂ સાથેનો શિષ્યનો સંબંધ પણ, આપોઆપ સન્માનજનક મૈત્રીનું સ્વરૂપ ધારણ કરતો હોય છે. એટલે જ એમ પણ કહી શકાય કે મૈત્રી દેખીતી રીતે અશક્ય લાગતી ઘણી બધી બાબતોને શક્ય બનાવી દે છે.

મૈત્રીની આ ફિલસૂફી યાદ કરવાનું કારણ એ કે આ વખતે લશ્કરી અધિકારીઓ વચ્ચેની યાદગાર મૈત્રીઓની વાત કરવી છે. સરહદની બંને તરફના મુખ્ય સૈન્ય અધિકારીઓ વચ્ચે ગાઢ મૈત્રી હોય અથવા વિશ્વયુદ્ધ દરમ્યાન બે અલગ જૂથના સૈનિકો વચ્ચે, વિશ્વયુદ્ધ સમાપ્ત થયાનાં વર્ષો પછી અચાનક થયેલી મુલાકાત દરમ્યાન ગાઢ મૈત્રી પાંગરે એ પહેલી દૃષ્ટિએ અશક્ય લાગે પણ અનુક્રમે ભારતનો અને વિશ્વનો લશ્કરી ઈતિહાસ તપાસતાં આ બંને બાબતો માત્ર મૈત્રીના શાશ્વત અને સાર્વત્રિક ખ્યાલના માધ્યમથી શક્ય બનતી હોવાનું પુરવાર કરતાં ઘણાં ઉદાહરણો મળી રહે છે. સૌપ્રથમ ભારતના લશ્કરી ઈતિહાસના આવાં કેટલાંક ઉદાહરણો જોઈએ. વાતની શરૂઆતમાં એક જાણીતો છતાં ઉદાહરણરૂપ પ્રસંગ જોઈએ-

**સમય:** ફેબ્રુઆરી-માર્ચ, 2001.

**સ્થળ:** પાકિસ્તાનના લાહોર ખાતે આવેલું પાકિસ્તાન આર્મીના રિટાયર્ડ બ્રિગેડિયર ખ્વાજા મોહમ્મદ નાસરનું નિવાસસ્થાન.

માર્ચ, 2001ની એક ખુશનુમા રાત્રે બ્રિગેડિયર નાસરના નિવાસસ્થાનના ગાર્ડનમાં બે સેવાનિવૃત્ત બ્રિગેડિયર્સ બેઠા છે: પાકિસ્તાની સેનાના સેવાનિવૃત્ત બ્રિગેડિયર K.M. નાસર અને ભારતીય સેનાના સેવાનિવૃત્ત બ્રિગેડિયર M.L. ખેતરપાલ. એમાં થયું છે એવું કે M.L. ખેતરપાલને હવે પાકિસ્તાનમાં આવેલા સરગોધા ખાતે પોતે જ્યાં જન્મેલા તે પૈતૃક મકાન જોવાની લાંબા સમયથી ખૂબ ઈચ્છા હતી. એટલે તેઓ પાકિસ્તાન ગયા હતા. અહીં બ્રિગેડિયર નાસરે સામે ચાલીને ખેતરપાલના યજમાન બનવાની અને સરગોધામાં તેમનું પૈતૃક મકાન બતાવવાની પણ જવાબદારી લીધી હતી. યોગાનુયોગે ભાગલા અગાઉ આ બંને લશ્કરી અધિકારીઓ એક જ મિલિટરી કોલેજમાં સહાધ્યાયી પણ હતા. હવે ખેતરપાલની સરગોધાની ટ્રિપ પૂરી થઈ ગઈ હતી. બ્રિગેડિયર નાસરની યજમાનીમાં તેમનો આ ત્રીજો દિવસ હતો અને તે પછીના દિવસે ખેતરપાલ ભારત આવવા માટે રવાના થવાના હતા. આ રીતે ખેતરપાલની રવાનગીની આગલી રાત્રે આ બંને મિત્રો બ્રિગેડિયર નાસરના નિવાસસ્થાનના ગાર્ડનમાં બેઠા છે ત્યારે આ ખુશનુમા વાતાવરણમાં પણ કંઈક ગમગીન લાગતા બ્રિગેડિયર નાસર બ્રિગેડિયર ખેતરપાલને કહે છે, “બ્રિગેડિયર સાહેબ, મારે તમારી સમક્ષ એક કબૂલાત કરવી છે.” નાસરની ગમગીની પારખી ગયેલા છતાં આગળ તેઓ શું કહેશે એનાથી સાવ અજાણ ખેતરપાલ કહે છે, “કહો હું સાંભળું છું.” જવાબમાં બ્રિગેડિયર નાસર ધડાકો કરતા હોય તેમ એક જ વાક્ય કહે છે, “અમે લોકો જેને બારાપિંડનું યુદ્ધ કહીએ છીએ અને તમે લોકો જેને શકરગઢ અથવા બસંતરનું યુદ્ધ કહો છો, એ યુદ્ધ દરમ્યાન તમારો બહાદુર પુત્ર મારા હાથે શહીદ થયો હતો.” બ્રિગેડિયર નાસરે આ વાક્ય કહ્યું એ પછી બંને મિત્રો વચ્ચે લાંબું મૌન છવાઈ જાય છે. નાસરને લાંબા સમયથી પોતાના દિલ પરનો કબૂલાતનામાનો બોજ હળવો થયાની અને આ વાત ખેતરપાલ સમક્ષ આ રીતે પૂરી તકેદારી સાથે છતાં એકદમ રજૂ કરી તે યોગ્ય છે કે નહીં તે સવાલ સાથેની મિશ્ર લાગણી થતી હતી તો ખેતરપાલ આશ્ચર્ય અને આઘાત એકસાથે અનુભવતા હતા. વળી, તેમને એ અજૂગતું લાગતું હતું કે પોતાના પુત્રની શહીદીમાં નિમિત્ત બનનાર વ્યક્તિની પોતે




કેપ્ટન માણેકશા



જનરલ યાહ્યા ખાન



અરૂણ ખેતરપાલ



કે.એમ. નાસર અને એમ.એલ. ખેતરપાલ

**સરહદની બંને તરફના મુખ્ય સૈન્ય અધિકારીઓ વચ્ચે ગાઢ મૈત્રી હોય અથવા વિશ્વયુદ્ધ દરમ્યાન બે અલગ જૂથના સૈનિકો વચ્ચે, વિશ્વયુદ્ધ સમાપ્ત થયાનાં વર્ષો પછી અચાનક થયેલી મુલાકાત દરમ્યાન ગાઢ મૈત્રી પાંગરે એ પહેલી દૃષ્ટિએ અશક્ય લાગે પણ અનુક્રમે ભારતનો અને વિશ્વનો લશ્કરી ઇતિહાસ તપાસતાં આ બંને બાબતો માત્ર મૈત્રીના શાશ્વત અને સાર્વત્રિક ખ્યાલના માધ્યમથી શક્ય બનતી હોવાનું પુરવાર કરતાં ઘણાં ઉદાહરણો મળી રહે છે**






## ફ્રેન્ડશીપ ડે વિશેષ

મહેમાનગતિ માણી રહ્યા હતા. બંને પક્ષે અનુભવાતી લાગણીઓ સ્વાભાવિક હતી કારણ કે તેઓ બંને છેવટે તો માણસ હતા ને? આમ છતાં મહત્ત્વપૂર્ણ એ હતું કે બંને પોતપોતાના દેશના લશ્કરી અધિકારીઓ હતા. એટલે થોડીવાર પછી ખેતરપાલ ખુરશીમાંથી ઊભા થયા અને નાસરને પૂરી ઉષ્મા સાથે ભેટ્યા હતા. ખેતરપાલે તેમના આ મૌન છતાં ઉષ્માપૂર્ણ વ્યવહાર થકી ઘણું બધું કહી દીધું હતું. બ્રિગેડિયર એમ.એલ. ખેતરપાલનો આ પુત્ર તે 1971ના બસંતરના યુદ્ધના સૌથી યુવાન શહીદ અને પરમવીર ચક્ર વિજેતા સેકન્ડ લેફ્ટનન્ટ અરુણ ખેતરપાલ. અરુણ ખેતરપાલ શહીદ થયા ત્યારે તેમની વય હતી, માત્ર 21 વર્ષ!

અહીં નોંધપાત્ર બાબત એ છે કે બે અલગ દેશના લશ્કરી અધિકારીઓ વચ્ચેની ઉષ્માપૂર્ણ મૈત્રી કેવી ભયંકર કબૂલાત કેટલી સહજતાથી કરાવી શકે અને પોતાની દેશ માટેની ફરજને સર્વોપરી માનતા બંને લશ્કરી અધિકારીઓ પરસ્પરની પીડા સમજીને કેટલી સહજતાથી માફી પણ આપી દે છે અને આખી વાતને કાયમ માટે વિસરી જાય છે.

આવી જ બીજી લશ્કરી મૈત્રી એટલે ફીલ્ડ માર્શલ કે.એમ. કરિઅપ્પા અને જનરલ અયુબખાન વચ્ચેની મૈત્રી. આઝાદી પહેલાં બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં કરિઅપ્પા અને અયુબખાન બંને સહકર્મીઓ હતા. એ નાતે એક સમયે તેમની વચ્ચે ગાઢ મૈત્રી પણ હતી. આઝાદી પછી બદલાયેલા સંજોગોમાં તેઓ બંને બે અલગ દેશના લશ્કરી વડા બન્યા હતા છતાં તેમની મૈત્રી અકબંધ રહી હતી. કરિઅપ્પાના પુત્ર કે.સી. કરિઅપ્પા ભારતીય હવાઈદળમાં હતા અને 1965ના ભારત-પાક. યુદ્ધ દરમ્યાન પાકિસ્તાનના યુદ્ધકેદી બન્યા હતા. આ દરમ્યાન જનરલ અયુબખાને કે.એમ, કરિઅપ્પાનો સંપર્ક કરીને તેમની વચ્ચેની જૂની મૈત્રી યાદ અપાવીને તેમના પુત્ર સાથે નરમ વ્યવહાર કરવાની દરખાસ્ત મૂકી ત્યારે કરિઅપ્પાએ અયુબખાનને તાકીદ કરી હતી કે તેમના પુત્ર સાથે અન્ય યુદ્ધકેદીઓ જેવો જ વ્યવહાર કરવામાં આવે. તેમની સાથે કોઈ નરમ કે વિશિષ્ટ વ્યવહાર કરવાની જરૂર નથી. ફરજને સર્વોપરી ગણતી આવી પણ લશ્કરી મૈત્રી હોઈ શકે. એ જ રીતે 1965ના ભારત-પાક. યુદ્ધ દરમ્યાન ભારતના આર્મી ચીફ રહેલા જનરલ J.N. ચૌધરી અને તે સમયના પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ અયુબખાન વચ્ચે પણ સેન્ડહર્સ્ટ મિલિટરી કોલેજના સમયથી ગાઢ મૈત્રી હતી. અયુબખાને તો મિત્રદાવે J.N. ચૌધરીને ‘મચ્છુ’ એવું હુલામણું નામ પણ આપ્યું હતું . આનું કારણ એ હતું કે J.N. ચૌધરી મૂછ રાખતા હતા. સેન્ડહર્સ્ટ મિલિટરી કોલેજના દિવસો દરમ્યાન આ બંને જીગરી દોસ્તો એક જ ફૌજી રસોડે જમ્યા ત્યારે ભવિષ્યમાં બે અલગ રાષ્ટ્રોના લશ્કરી વડાના નાતે જાની દુશ્મન તરીકે પરસ્પર ટકરાવાનું થાય એવો તેમને સપનેય ખ્યાલ નહોતો પણ પછીના સમયમાં આવું જ બન્યું તે હવે એક જાણીતો ઈતિહાસ છે. ફીલ્ડ માર્શલ માણેકશા અને જનરલ યાહ્યાખાનની જીગરી દોસ્તીની દાસ્તાન પણ કંઈક આવી જ છે. બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં સહકર્મી રહીને ગાઢ મિત્રો બનેલા માણેકશા અને યાહ્યાખાન 1971ના ભારત- પાક. યુદ્ધમાં અનિવાર્યપણે જાની દુશ્મન બન્યા હતા. બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકન ટેન્ક ગનર રહેલા ક્લેરેન્સ સ્પ્રેયર અને તત્કાલીન જર્મન રોવરમાંથી સૈનિક બનેલા ગુસ્ટવ 2013માં પહેલીવાર મળ્યા ત્યારે દુશ્મનમાંથી દોસ્ત બન્યા હતા. ટૂંકમાં, આ લશ્કરી મૈત્રીઓ પરથી એ તો ચોક્કસ કે મૈત્રી એ સૌથી લોકશાહી અને નીડર અભિવ્યક્તિનો સંબંધ છે.




# રિતીકની ‘વોર 2’માં બીજી એક્શન ફિલ્મોથી અલગ શું હશે?!




જે રીતે નવોદિતોની ફિલ્મ ‘સૈયારા’એ બોક્સ ઓફિસ પર એક સપ્તાહમાં રૂ.175 કરોડની કમાણી કરીને ચોંકાવી દીધા હતા એમ એક એનિમેશન ફિલ્મ ‘મહાઅવતાર નરસિમ્હા’ સમીક્ષકોના સારા પ્રતિભાવ અને ટિકિટબારી પરના પ્રતિસાદથી નવાઈ પમાડી રહી છે. ફિલ્મે પહેલા દિવસે રૂ.1.5 કરોડ અને ત્રીજા દિવસે રૂ.6.5 કરોડની કમાણી કરી છે અને ભારતની 20 વર્ષ જૂની એનિમેશન ફિલ્મ ‘હનુમાન’નો વિક્રમ તોડ્યો છે. નિર્દેશક અશ્વિનીકુમારે પૌરાણિક વાર્તાને એક આકર્ષક કથા દ્વારા દર્શાવી છે. જે હિરણ્યકશિપુ અને તેના જોડિયાભાઈના જન્મથી શરૂ થાય છે અને પ્રહલાદને મારવા સુધીની તેની યાત્રા નાટક, ભાવના, રમૂજ, રોમાંચ અને પ્રેરણાથી ભરેલી છે. ફિલ્મનું ખાસ આકર્ષણ તેનો ક્લાઈમેક્સ છે જ્યારે નરસિંહ અવતાર પોતે પોતાના ભક્તને બચાવવા માટે હિરણ્યકશિપુને મારવા માટે આવે છે. ફિલ્મનો પહેલો ભાગ ધીમી ગતિએ આગળ વધે છે. તેમ છતાં વાર્તા સતત આગળ વધે છે. વાર્તાને ક્યાંય જટિલ બનવા દીધી નથી. વાર્તા કહેવાની રીત અને દ્રશ્યોની અપીલ દર્શકને જકડવામાં સફળ થાય છે. ફિલ્મમાં એક્શન, રોમાંચ અને લાગણીઓનું મિશ્રણ છે. આખી વાર્તા શરૂઆતથી જ સરળ શબ્દોમાં સાચા હૃદયથી સમજાવવામાં આવી છે. બાળકો, વૃદ્ધો, યુવાનો બધાને તેનો આનંદ આવે એમ છે. કેટલાંક ગીતો અને નાટકીય દ્રશ્યો થોડાં લાંબાં લાગશે પરંતુ બીજા ભાગમાં નરસિંહ અને હિરણ્યકશ્યપ વચ્ચેનો સંઘર્ષ ખરેખર દ્રશ્ય અને ભાવનાત્મક એમ બંને સ્તરે અદભુત છે. હોલિકાદહનની વાર્તાને પણ સુંદર રીતે દર્શાવવામાં આવી છે. ફિલ્મ પૌરાણિક કથાઓને મનોરંજક રીતે રજૂ કરે છે તેથી આજના બાળકોને વધારે ગમશે. આ ફિલ્મને IMDB પર 9.9/10 રેટિંગ મળ્યું છે.

જે અત્યાર સુધી કોઈ પણ ભારતીય ફિલ્મને મળેલું સૌથી વધુ રેટિંગ માનવામાં આવે છે. એનિમેશન એટલું અદભુત છે કે કોઈ જલદી વિશ્વાસ નહીં કરી શકે કે આ ફિલ્મ ભારતમાં બની છે. ભગવાન નરસિંહ અવતાર લે છે ત્યાંથી આ ફિલ્મ એકદમ અલગ વળાંક લે છે. તેના ક્લાઈમેક્સના એનિમેશનમાં આખું બજેટ ખર્ચી નાખ્યું હોય એવું લાગે છે. એક સમીક્ષકે કહ્યું છે કે તમારા મનમાંથી એ ગેરસમજ દૂર કરો કે આ એક એનિમેટેડ સિનેમા છે કે આ એક કાર્ટૂન પ્રકારની ફિલ્મ છે. આ ફિલ્મ જોવી એ ભગવાનને જોવા સમાન છે. લાગણી પર ધ્યાન કેન્દ્રિત કરો એનિમેશન પર નહીં. એમાં વધારે સારી વાત એ છે કે હિન્દી ડબિંગ અદભુત કરવામાં આવ્યું છે. ‘ઓમ નમો ભગવતે વાસુદેવાય’ મહામંત્ર કાનમાં દિવસો સુધી ગુંજશે. પ્રહલાદ માટે હરિપ્રિયા મટ્ટા દ્વારા માસૂમિયત અને ભોળપણ સાથે ડબ કરવામાં આવેલ સંવાદ હૃદયને સ્પર્શી જાય એવા છે. હિરણ્યકશિપુનો અવાજ આપનાર આદિત્ય રાજ શર્મા પણ અસર છોડી જાય છે. જો આપણે નાની ખામીઓને મર્યાદિત બજેટને કારણે અવગણીએ તો આ એક શાનદાર ફિલ્મ છે. અને સાબિત કરી દીધું છે કે ‘KGF’ અને ‘કાંતારા’ના નિર્માતાઓએ મહાઅવતાર યુનિવર્સની જે જાહેરાત કરી છે અને એમાં ભગવાન વિષ્ણુના 10 અવતારોને કુલ સાત ફિલ્મોમાં બતાવવામાં આવનાર છે એ શ્રેણીમાં રજૂ થયેલી પહેલી ‘મહાવતાર નરસિમ્હા’ હવે પછીની ફિલ્મો માટે ઉત્સુકતા વધારી રહી છે. આ શ્રેણીની આગામી ફિલ્મ ‘મહાવતાર પરશુરામ’ હશે. ત્યારે સ્પાય યુનિવર્સની 15 ઓગસ્ટે રજૂ થનારી ‘વોર 2’નો એક અલગ જ ચાહક વર્ગ છે. YRF સ્પાય યુનિવર્સની અત્યાર સુધીની બધી ફિલ્મો બોક્સ ઓફિસ પર સારો બિઝનેસ કરી ચૂકી છે. આ ફિલ્મ અનેક રીતે ખાસ બનવાની છે. રિતીક રોશન અને હવે જુનિયર NTR તેની સાથે જોડાયો છે. બંનેએ આ ઉદ્યોગમાં 25 વર્ષ પૂર્ણ કર્યાં છે. જ્યારે બે પેન ઈન્ડિયા સ્ટાર્સ એક ફિલ્મમાં સામસામે હોય છે ત્યારે ફિલ્મનો પ્લોટ, વાર્તા કે પ્રસ્તુતિ ગૌણ બની જાય છે. લોકો પોતપોતાના સ્ટાર્સને જોવા માટે થિયેટરમાં જાય છે. બંને સિનેમેટિક આઈકોન એકબીજા સાથે ટકરાશે ત્યારે તે ટક્કર મોટા પડદા પર જોવાલાયક હશે. ‘વોર 2’ ફક્ત તેના બે મુખ્ય કલાકારોના સ્ટારડમના આધારે વેચાશે. ટ્રેલરમાં આખી ફિલ્મનો દ્રષ્ટિકોણ છે.

જેમાં સ્પષ્ટપણે બતાવવામાં આવ્યું છે કે બંને ભારતને પ્રેમ કરે છે. બંનેના વિચારો અલગ અલગ છે. બંને દ્વારા આપવામાં આવેલા બલિદાન અલગ અલગ છે. બંનેની પદ્ધતિઓ પણ અલગ અલગ છે પરંતુ બંનેનો હેતુ ભારતનું રક્ષણ કરવાનો એક જ છે. તો પછી તેઓ કેમ લડી રહ્યા છે? એ જોવાનું રહેશે. નવું ટ્રેલર બતાવે છે કે એક્શન સિક્વન્સ ખૂબ સારી રીતે કોરિયોગ્રાફ કરવામાં આવી છે. એક દ્રશ્યમાં ટ્રેન પર કાર મૂકી છે. એમાં ફક્ત એક્શન, એક્શન અને એક્શન છે. ઘરે બેઠા ટ્રેલર જોઈને આ એક્શન દ્રશ્યો સમજી શકાશે નહીં. થિયેટરમાં ચોક્કસ આ બધાં દ્રશ્યોના પૈસાનું મૂલ્ય સમજાશે. જો કે આ બધું પહેલાં ઘણી વખત જોયું છે. કશું અલગ લાગતું નથી. તકલીફ એ છે કે ટ્રેલરમાં બધું જ જાહેર કરી દેવામાં આવ્યું છે છતાં એકંદરે ફિલ્મ સારી નીકળી શકે છે.

**જ્યારે બે પેન ઈન્ડિયા સ્ટાર્સ એક ફિલ્મમાં સામસામે હોય છે ત્યારે ફિલ્મનો પ્લોટ, વાર્તા કે પ્રસ્તુતિ ગૌણ બની જાય છે. લોકો પોતપોતાના સ્ટાર્સને જોવા માટે થિયેટરમાં જાય છે. બંને સિનેમેટિક આઇકોન એકબીજા સાથે ટકરાશે ત્યારે તે ટક્કર મોટા પડદા પર જોવાલાયક હશે**

### ઓટોગ્રાફ!

એમ કહેવાય છે કે ‘વોર 2’માં રિતીક અને જુનિયર NTR વચ્ચેની લડાઈનાં દ્રશ્યો ફિલ્મોમાં આવતી ભારત- પાક વચ્ચેની લડાઈના મુદ્દાની જેમ જ જોરદાર હશે!

# જીન્સની અદૃશ્ય લીલા






શરીર વિજ્ઞાન કહે છે: માણસને સારો નરસો બનાવવામાં તેના જીન્સ મોટો ભાગ ભજવે છે. જીન્સનો પેન્ટ પહેરવાથી માણસ જુવાન દેખાય શકે પણ શરીરની અંદર રહેલા જીન્સ તેને સંત અથવા શેતાન બનાવી શકે છે. જીન્સના પ્રતાપે માણસ સિદ્ધિના શિખરે પહોંચી શકે. પણ તેના અભાવે તે નિષ્ફળ પણ જઈ શકે. શોધવા નીકળીએ તો એવા અનેક ઉદાહરણો મળી આવે જેમાં માબાપ મહાન બની શક્યા હોય પણ દીકરા શેતાન બની ગયા હોય. એક માતાને ખોળે જન્મેલા બે બાળકોમાંથી એક વિભીષણ બન્યો અને બીજો રાવણ બની ગયો. કૃષ્ણ દેવકીનું આઠમુ સંતાન હતા. તે પહેલાના સાત સંતાનો (કૃષ્ણ જેવા નહીં તો) કૃષ્ણની નજીક પણ કેમ ન પહોંચી શક્યા? ગૃહત્યાગ કરનારા બધાં સાધુઓ સ્વામી સચ્ચિદાનંદજી કેમ બની શકતા નથી? વાલિયો લૂંટારો હતો, પણ પાછળથી તે વાલ્મીકિ ઋષિ બની શક્યો હતો.

કર્મના સિદ્ધાંતની વાત નીકળે છે ત્યારે લોકો કહે છે કે: ‘આ જન્મના ફળ આવતા જન્મે ભોગવવા પડે છે!’ દોસ્તો, આ વાત પણ સત્યથી વેગળી છે. પરભવના ખરાબ કર્મોનું ફળ એ ટાઢા પોરનું ગપ્પુ છે. અમે કર્મના ફળમાં જરૂર માનીએ છીએ પણ અમારી આસ્થા થોડી રેશનલ છે. અમને લાગે છે કે દરેક માણસે કર્મના ફળ અચૂક ભોગવવા પડે છે પણ તે આવતા જન્મે નહીં આ જન્મે જ..! મતલબ તમે ઝેર પી જાઓ તો મૃત્યુ આવતા જન્મે નહીં, આ જન્મે જ થાય છે. આગમાં કૂદી પડો તો આ જન્મે જ દાઝી જવાય. વિદ્યાર્થી આખું વર્ષ રખડી ખાય તો નાપાસ થાય અને ખૂબ મહેનત કરે તો પહેલો નંબર આવે. એ બન્ને ઘટના આ જન્મે જ બને. કર્મ આ જન્મે કરો અને તેના ફળ આવતા જન્મે મળે એવું બની જ ના શકે. તમારી પાસે ફળદ્રુપ જમીન અને સારું બીયારણ હોય પણ તમે વાવણી જ નહીં કરો તો પાક નહીં પાકે. (તમારું ખાલી ખેતર એ તમારા નસીબનું નહીં, તમારી અકર્મણ્યતાનું પરિણામ ગણાય) પુન:જન્મ અને પુનર્જન્મ એ પણ જૂઠાણું છે. માણસ પાસે તેનો એક જ જન્મ હોય છે, અને તે જ નક્કર વાસ્તવિક્તા છે. ગયો જન્મ અને હવે પછીનો જન્મ એ કથાકારો કે અંધશ્રદ્ધાળુ લોકોએ ગોઠવી કાઢેલો સગવડિયો તર્ક છે. એની કોઈ સાબિતી નથી. ચલૈયો અને સાગળશા શેઠની કથામાં વાંચવા મળ્યું હતું કે ભગવાન સાધુ વેશે આવ્યા અને સાગળશા શેઠ સામે એવી શરત મૂકી કે,“તમે પતિ પત્ની બન્ને તમારા દીકરા ચલૈયાનું માથુ કાપીને તેને ખાંડણીમાં મૂકી એક પણ આંસુ પાડ્યા વિના ખાંડો. ત્યારબાદ દીકરાના માંસનું ભોજન રાંધીને મને હસતા હસતા પીરસો તો હું જમુ!” કહે છે ઈશ્વરે શાંગળશાની પરીક્ષા લેવા માટે એવું કર્યું હતું. દોસ્તો, ઈશ્વરને જ્યાં સુધી આપણે ઓળખીએ છીએ ત્યાં સુધી તે દયાનો સાગર કહેવાય છે. તે આવી વિચિત્ર શરત મૂકે તે વાત કેમે કરી ગળે ઉતરતી નથી. અમને પાકી ખાતરી છે કે કોઈ દોઢ અંધશ્રદ્ધાળુએ જ આવો ગપગોળો વહેતો મૂક્યો હશે.

આપણામાં હોય તેટલી બધી બુદ્ધિ કામે લગાડીને વિચારીશું તો સમજાશે કે દાઉદ ઈબ્રાહિમ કે ઓસામા-બિન-લાદેન પણ આટલા ક્રુર ન બની શકે. આજના કોન્વેન્ટિયા કલ્ચરને આવી પૌરાણિક કથા સંભળાવવામાં આવે તો શક્ય છે તેઓ બોલી ઊઠે: “ગોડ તો દયાળુ કહેવાય છે. તેના ભક્તોની પરીક્ષા માટે તે આટલું ટફ પેપર કાઢે તે માન્યામાં જ આવતું નથી..!”

આપણાં કથાકારો આવા બેવકૂફી ભરેલા વિધાનો ઉધરસના ગળફાની જેમ જાહેરમાં ફંગોળતા રહે છે તે કારણે લોકોની મૂર્ખતાને પોષણ મળે છે. અમારો મત છે કે શ્રદ્ધા અને ધર્મને નામે આવું જૂઠાણુ ફેલાવનારાઓને સખત સજા થવી જોઈએ. મીઠું અર્થાત્ નમકનો વિકલ્પ સીંધવ ગણાય છે. ન જાણે એ કયો પદાર્થ છે?- ઉપવાસ કરનારાઓની તેનાથી લાજ રહી છે. સમાજમાં નમકનો વિકલ્પ મળે છે. નમકહલાલનો વિકલ્પ ઝટ મળતો નથી. ન્યાય ખાતર સ્વીકારવું રહ્યું કે મીઠાને બદલે સીંધવ અને અનાજને બદલે શીંગોડા જેવા અનેક ખાદ્ય વિકલ્પો શોધીને શ્રદ્ધાળુઓએ ઉપવાસના શાસ્ત્રચિંધ્યા માહાત્મ્યને નષ્ટ કરી દીધું છે. તેઓ ફરાળ રૂપે એટલું બધું ખાય છે ત્યારે માંડ એક ઉપવાસ કરી શકે છે. મુસ્લિમો રોજા કરે છે, ત્યારે સૂર્યોદયથી સૂર્યાસ્ત દરમિયાન થૂંક પણ ગળતા નથી. આવી ઉપવાસ નિષ્ઠા નોંધપાત્ર છે. બહુ સાચી વાત એ છે કે અનપ્રોડક્ટિવ કર્મકાંડોને બદલે નક્કર ફલશ્રુતિવાળા પ્રોડક્ટિવ પરિશ્રમથી માનવજાતને વધુ ફાયદો થાય છે. ઉપવાસ કરનારા શ્રદ્ધાળુઓ કરતાં ખેતરમાં અન્ન પકવતા ખેડૂતોમાં આ દુનિયાનું વિશેષ કલ્યાણ છુપાયેલું છે.

**દરેક માણસે કર્મના ફળ અચૂક ભોગવવા પડે છે પણ તે આવતા જન્મે નહીં આ જન્મે જ..! મતલબ તમે ઝેર પી જાઓ તો મૃત્યુ આવતા જન્મે નહીં, આ જન્મે જ થાય છે. આગમાં કૂદી પડો તો આ જન્મે જ દાઝી જવાય**

### ધૂપછાંવ

એવી કલ્પના થઈ શકે ખરી કે લાલુપ્રસાદ યાદવ લાલબહાદુર શાસ્ત્રી થઈ શકે? હિરણ્યકશ્યપ નાસ્તિક હતો, પણ એનો દીકરો પ્રહલાદ કેમ આસ્તિક બની શક્યો? અને એ પણ વિચારીએ કે સઘળા અંધ માણસો સંત સૂરદાસ કેમ બની શકતા નથી? કુંતીના બધાં પુત્રો અર્જુન કેમ ન બની શક્યા? ઈશ્વર નથી એમ સો વાર કબુલ કરીએ પણ ચાલો, એકાદવાર એ દિશામાં પણ વિચારીએ કે રામના પુત્રો લવકુશ બની શક્યા તો હિરણ્યકશ્યપ જેવા કટ્ટર નાસ્તિકનો પુત્ર પ્રખર આસ્તિક કેવી રીતે બની ગયો? આપણી જાણબહારની કોઈ અદ્રશ્ય શક્તિ ભાગ ભજવે છે જેને આપણે સદીઓથી પ્રારબ્ધ તરીકે ઓળખીએ છીએ.